PL-001-001627 Seat No. ________

# B. A. (Sem. VI) (CBCS) Examination

**July – 2018**

## Gujarati : Paper - 22

*(અપઠિત : કાવ્યનો આસ્વાદ, ગદ્યખંડનું વિવરણ, સાહિત્યિક - સાંસ્કૃતિક નિબંધો)*

*(New Course)*

**Faculty Code : 001**
**Subject Code : 001627**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : ૧૪

કાળની કેડીએ ઘડીક સંગ
રે ભાઈ, આપણો ઘડીક સંગ
આતમને તો ય જનમોજનમ
લાગી જશે એનો રંગ !

ધરતી આંગણ માનવીના આ ઘડીક મિલનમેળા,
વાટમાં વચ્ચે એક દિ નકી આવશે વિદાયવેળા !
તો કેમ કરીને ય કાળ ભૂલે ના એમ ભમીશું ભેળા !

હૈયાનો હિમાળો ગાળી ગાળીને વહશું હેતની ગંગ,
પગલે પગલે પાવક જાગે ત્યાં ઝરશું નેનની ઝારી,
કંટક પંથે સ્મિત વેરીને મ્હોરશું ફૂલની ક્યારી,
એકબીજાને જીતશું, રે ભાઈ, જાતને જાશું હારી !

ક્યાંય ન માય રે એટલો આજ તો
ઉરને થાય ઉમંગ ...... કાળની કેડીએ.

**- નિરંજન ભગત**

**અથવા**

૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : ૧૪

હજી જ્યારે જ્યારે જીવનરથ તારા નગરમાં
ચડે આવી, ધોરી પથ પર ધસી રહે ધસમસ.
ગલીની શંકાએ તવ, ધીમી થતી આફુડી ગતિ,
ઝમે પાછો પેલો જીરણ હૃદયે યૌવનરસ.
વીત્યું કેવું કેવું ! કંઈ ગુજરવું બાકી ન, છતાં
ગલીની શંકાએ હજી ય ધબકારા વધી જતાં;
ઢૂંઢી રહે આ ઝાંખા તૃષિત નયનો મેદની વિષે
તને - તું આવી હો અહીં કયહીં અમસ્તી કઈ મિષે.
હશે આવી કોઈ ગલી મહીં જ તારું ઘર, અને
હશે તું આવે કો પથ સ્વજન સંગે નીકળતી,
ઘણા રસ્તા તારે નગર, પણ ક્યાંયે ન મળતી !
મળે તો યે-કોને ખબર - તું શકે ઓળખી મને !
મળ્યાં-ધારો કે - ને પથ અટકી કૈં કુશલ પૂછ્યું;
પરંતુ તેથી શું ? - ઘર લઈ ગઈ, તો ય પછી શું ?

- **ઉશનસ્**

૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

સર્જન પાછળ કલાકારનો જો કોઈ હેતુ હોય તો તે એ હોવા સંભવ છે કે એ સામા માણસમાં સમ-સંવેદન માગે છે. કલાકારની કોઈ એષણા હોય તો તે એટલી જ કે કોઈ મને સમજે. પોતાના મનની વાત એ સંક્રાન્ત કરવા પ્રવૃત્ત થાય છે તે એ આશયથી કે પોતાને બીજાઓ સમજવાનો પ્રયત્ન કરે. કલાકારને - કવિને કલ્પનાબળે જીવનના અનુભવો સહજમાં થાય છે અને એની પાછળનું સત્ય પણ એને સહજમાં પ્રતીત થાય છે. જીવનની આ સમજણ જેવી પોતાને છે એવી બીજાઓને પણ પ્રગટે એવી એની હૃદયની વાંછના હોય છે. ભાવક કવિનું કાવ્ય ગ્રહણ કરી સમસંવેદન પામી શકે ત્યારે તેના આત્માની સંતૃપ્તિ પણ કવિના જેવી જ હોય છે.

- **ઉમાશંકર જોશી**

**અથવા**

૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

નદીને જો કોઈ ઉપમા છાજે તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુષ્કાળની બીક તો રહે જ નહિ. મેઘરાજા દગો દે ત્યારે નદીમાતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતલ હવા, નદી કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડપ્રવાહનું દર્શન થાય. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય. સાચે જ, નદી જનસમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ આપણે ફરતા હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય છે ? શહેરનું મેલું વાતાવરણ ક્યાં અને નદીનું પ્રસન્ન દર્શન ક્યાં ? નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરુને વંદન ઘટે છે, તો નદીને પણ વંદન કરવું ઘટે છે.

**- કાકાસાહેબ કાલેલકર**

૩ નિબંધ લખો : (કોઈ પણ એક) ૧૪

(અ) સાંપ્રત શિક્ષણની સમસ્યાઓ

(બ) દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો અને તેની સમસ્યાઓ.

૪ નિબંધ લખો : (કોઈ પણ એક) ૧૪

(અ) સાહિત્ય અને ધર્મ

(બ) સાહિત્ય અને જીવનમૂલ્યો.

૫ નોંધ લખો : (કોઈ પણ બે) ૧૪

(અ) સાહિત્ય અને સમાજ

(બ) નવી પેઢી - નવા પ્રશ્નો

(ક) જીવનમાં સાહિત્યકલાની અનિવાર્યતા

(ડ) ઉચ્ચશિક્ષણ અને બેરોજગારી.